# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-12-2024** **MIDDAY : 2.30 to 2.35pm**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## SUSHASHAN SEVA SETU PROG

રાજ્યના સેવાસેતુ કાર્યક્રમના અત્યાર સુધીના 10 તબક્કામાં ત્રણ કરોડ સાત લાખ 30 હજાર 659 લાભાર્થીઓને લાભ અપાતા, 99.89 ટકા અરજીનો સફળતાપૂર્વક નિકાલ કરાયો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવ્યું છે.

ડિસેમ્બર 2023થી જાન્યુઆરી 2024 સુધીમાં યોજાયેલા નવ તબક્કામાં ગ્રામ્ય અને શહેરીકક્ષાએ મળેલી 100 ટકા અરજીઓનો નિકાલ કરાયો છે. 23 સેવાથી શરૂ થયેલા સેવાસેતુ કાર્યક્રમમાં હાલમાં સામાન્ય વહીવટ વિભાગ, નાણા, મહેસૂલ, શ્રમ અને રોજગાર, અન્ન, નાગરિક પૂરવઠા અને ગ્રાહક બાબતોનો, આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, જેવા વિવિધ વિભાગોની કુલ 55 સેવાઓનો લાભ લાભાર્થીઓને સ્થળ પર જ આપવામાં આવે છે.

-----------------------------------

## GANDHINAGAR AVSAR YOJNA

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અટલ વૃદ્ધ સહાય આરોગ્ય રથ યોજના એટલે કે, અવસર યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના થકી 60 વર્ષથી વધુ વયના લોકોને ઘરેબેઠા આરોગ્યલક્ષી સેવાઓ અપાશે. તેમજ વરિષ્ઠ નાગરિકો ઘર નજીકના શહેરી આરોગ્ય કેન્દ્ર અથવા આરોગ્ય અને સંભાળ કેન્દ્રમાં આધારકાર્ડની એક નકલ સાથે રાખીને અરજી ભરી

નોંધણી કરાવી શકશે. ગાંધીનગરના મેયર મીરાં પટેલે આ રથનું લોકાર્પણ કરતાં વધુ માહિતી આપી હતી.

**(બાઈટ- મીરાં પટેલ, મેયર, ગાંધીનગર)**

------------------------------------

## UNJHA APMC ELECTION

મહેસાણામાં ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ- APMCની ચૂંટણીમાં ખેડૂત વિભાગની 10 બેઠકમાં 175 મતમાંથી 140 મત મેળવી દિનેશ પટેલ પ્રેરિત પેનલનો વિજય થયો છે. જ્યારે વેપારી વિભાગની ચાર બેઠક માટેની મતગણતરી ચાલી રહી છે. મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરીએ આ અંગે માહિતી આપી હતી.

ઉલ્લેખનીય છે કે, ઊંઝા APMCની 14 બેઠકના 36 ઉમેદવારો માટે ગઈકાલે મતદાન યોજાયું હતું. ખેડૂત વિભાગમાં 20 ઉમેદવારો માટે 258 અને વેપારી વિભાગમાં 16 ઉમેદવારો માટે 782 મતદારોએ મતદાન કર્યું હતું.

------------------------------------

## BHAVNAGAR ACCIDENT

ભાવનગરમાં ડમ્પર ટ્રક સાથે ખાનગી બસ અથડાતા સર્જાયેલા અકસ્માતમાં છ લોકોના મોત નીપજ્યા છે. ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, ત્રાપજ પાસે રાજમાર્ગ પર બંધ હાલતમાં એક ડમ્પર ટ્રક ઊભી હતી. દરમિયાન ખાનગી બસ તેની સાથે અથડાતા 6થી વધુ લોકોના મોત થયાની આશંકા છે. જ્યારે 22થી વધુ ઈજાગ્રસ્તોને સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા એક્સ પર આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો.  અને ઈજાગ્રસ્તે ઝડપથી સાજા થાય તે માટે પ્રાર્થના કરી હતી.

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા, કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયાએ પણ અકસ્માત અંગે શોક વ્યક્ત કર્યો હતો.

-----------------------------------

## BHARUCH BALAK MOT

ભરૂચ જિલ્લામાં એક મકાનની દિવાલ ધરાશાયી થતાં તેની નીચે દટાઈ જવાથી ચાર વર્ષના બાળકનું મોત નીપજ્યું છે. ભરૂચના અમારા પ્રતિનિધિ વાહીદ મશ્હદી જણાવે છે કે, ઝઘડિયા તાલુકાના વણાકપોર ગામમાં એક મકાનનું કામ ચાલી રહ્યું હતું. તે વખતે તેની દિવાલ બાજુના મકાનમાં રમતા બાળક પર પડતાં તેનું મોત નીપજ્યું હતું.

------------------------------------

# Kankariya Train starts

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા કાંકરિયા પરિસરમાં અટલ-સ્વર્ણિમ એક્સપ્રેસ ટ્રેન આજથી પુનઃ શરૂ થઈ છે. મે મહિનામાં રાજકોટ ગેમ ઝોનમાં સર્જાયેલી આગ દુર્ઘટના બાદ સમગ્ર રાજ્યમાં એમ્યુઝમેન્ટ પાર્કની પ્રવૃત્તિઓ બંધ કરવામાં આવી હતી.

રાજ્ય સરકારની નવી નીતિ મુજબ તમામ મંજૂરી મેળવ્યા બાદ 25 ડિસેમ્બરથી કાંકરિયા કાર્નિવલ શરૂ થાય તે પહેલાં આજથી ટ્રેન શરૂ કરવામાં આવી છે. આજે મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળાના બાળકોએ ટ્રેનની સફરનો આનંદ માણ્યો હતો.

બે કિલોમીટરથી વધારે વિસ્તારમાં ફેલાયેલા કાંકરિયા પરિસરનો આંટો મારતી આ ટ્રેનમાં 12 વર્ષથી ઉપરના લોકો માટે 30 રૂપિયા અને 12 વર્ષથી નીચેની વયનાં બાળકો માટે 12 રૂપિયા ટિકિટ રાખવામાં આવી છે.

------------------------------------